# આસારામ ૧૪ દિવસ માટે જોધપુર જેલમાં

નવી દિલ્હી,તા. ૨

સગીરા પર બળાત્કાર અને તેની સાથે ચેડા કરવાના ગંભીર આક્ષેપોનો સામનો કરી રહેલા અને હાલમાં જ ધરપકડ કરવામાં આવેલા વિવાદાસ્પદ આસારામને આજે ૧૪ દિવસ માટે જોધપુર જેલમાં મોકલી દેવાનો આદેશ કરવામાં આવ્યો હતો. એક દિવસની પોલીસ રિમાન્ડની અવધિ પૂરી થયા બાદ આસારામને સઘન સુરક્ષા વ્યવસ્થા વચ્ચે જોધપુર કોર્ટમાં રજુ કરવામાં આવ્યા હતા. જોધપુર કોર્ટે આસારામને ૧૫મી સપ્ટેમ્બર સુધી જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી દેવાનો આદેશ કર્યો હતો. ત્યારબાદ આસારામને જોધપુરની જેલમાં લઈ જવામાં આવ્યા હતા. પોલીસે કોર્ટ પાસેથી આસારામની એક દિવસની રિમાન્ડની માંગ કરી હતી પરંતુ કોર્ટે આસારામને ૧૪ દિવસ માટે જ્યુડિશિયલ કસ્ટડીમા મોકલવાનો હુકમ કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે આ અગાઉ ગઈકાલે કોર્ટે આસારામને એક દિવસ માટે પોલીસ કસ્ટડીમાં રિમાન્ડ પર મોકલવાનો આદેશ કર્યો હતો. આની અવધિ આજે પૂરી થઈ ગઈ હતી. આજે પોલીસે તેમના એક નજીકના વ્યક્તિ શિવાની પણ ધરપકડ કરી છે. રેપના કેસમાં આ બીજી ધરપકડ પણ કરવામાં આવી છે. આ ઉપરાંત શિકાર થયેલી સગીરાની છીંદવાડા સ્થિત હોસ્ટેલના વોર્ડોનની પણ ધરપકડ કરવા માટે પણ પોલીસ ટીમને રવાના કરવામાં આવી છે. સગીરાએ એફઆઈઆરમાં બંનેનો સ્પષ્ટપણે ઉલ્લેખ કર્યો હતો. શનિવારે મોડી રાત્રે આસારામની ઈન્દોરમાં ધરપકડ કરી લેવામાં આવી હતી ત્યારબાદ આસારામને દિલ્હી મારફતે જોધપુર લઈ જવામાં આવ્યા હતા. ગઈકાલે પણ આસારામની આકરી પુછપરછ કરાઈ હતી. આસારામની આશરે પાંચ કલાક સુધી પુછપરછ ચાલી હતી. પોલીસે આજે આસારામને ૧૪ દિવસ માટે જ્યુડિશિયલ કસ્ટડીમા મોકલવાના આદેશ પહેલા કહ્યુ હતુ કે તેમની સામેનો કેસ ખૂબ મજબુત છે. આસારામની ગઈકાલથી જ પુછપરછ ચાલી રહી છે. ઈન્દોરમાં ધરપકડ કરવામાં આવતા પહેલા તેમની મોડી રાત સુધી પુછપરછ ચાલી હતી. સગીરા દ્વારા દિલ્હીમાં એફઆઈઆર દાખલ કરવામાં આવ્યા બાદ આસારામ સામે સકંજો મજબુત કરવામાં આવ્યો હતો. રાજસ્થાન શહેરમાં તેમના આશ્રમ ખાતે આસારામ દ્વારા સગીરા સાથે ચેડા અને રેપ કરવાનો આક્ષેપ થયેલો છે. આસારામ ઉપર અગાઉ પણ ઘણા બધા આક્ષેપો થયા છે જેમાં ગુજરાત અને મધ્યપ્રદેશમાં ગેરકાયદેરીતે જમીન કબજે કરવાની બાબતનો પણ સમાવેશ થાય છે. આ ઉપરાંત અમદાવાદમાં બે બાળકોના રહસ્યમય મોતના મામલામાં પણ તેમની સામે આક્ષેપો કરવામાં આવી ચુક્યા છે. આવી સ્થિતિમાં હવે લોકો તેમનાથી નાખુશ દેખાઈ રહ્યા છે. આસારામને લઈને દેશના જુદા જુદા ભાગોમાં દેખાવો પણ થઈ રહ્યા છે. આસારામના સાધકો હાલમાં કોઈ વાત સ્વીકારવા તૈયાર દેખાઈ રહ્યા નથી.



**મોનસૂન સત્ર બાદ પ્રક્રિયા ઝડપી**

## વર્ષના અંતે તેલંગાણા અસ્તિત્વમાં આવી શકે

નવી દિલ્હી,તા. ૨

સંસદના મોનસૂન સત્ર બાદ તેલંગાણાની રચના અંગે કોઈ અંતિમ નિર્ણય લેવામાં આવશે. કેન્દ્ર સરકાર સત્રના અંતે તેલંગાણાની રચના અંગે અંતિમ રૂપરેખા તૈયાર કરશે અને તેલંગાણાના અસ્તિત્વને મંજૂરી આપશે. હાલમાં આંધ્રપ્રદેશના વિભાજનને લઈને જોરદાર વિરોધ થઈ રહ્યો છે. એકબાજુ આંધ્રપ્રદેશના વિભાજનની તરફેણ કરનાર લોકો અને બીજી બાજુ સંયુક્ત આંધ્રપ્રદેશને રજૂઆત કરનાર લોકો આમને સામને આવી ગયા છે. સૂત્રોનું કહેવું છે કે કેબિનેટ નવા રાજ્યની રચના માટે ગૃહમંત્રાલય તરફથી દરખાસ્ત અંગે વિધિવત રીતે નિર્ણય કરવાની દિશામાં આગળ વધી રહી છે. સરંક્ષણ મંત્રી એ કે એન્ટોનીના નેતૃત્વમાં પ્રધાનોના ગ્રૂપની રચના કરવામાં આવનાર છે જે અલગ રાજ્ય માટે વિશેષ મુસદો તૈયાર કરશે. કેબિનેટ આંધ્રપ્રદેશ વિધાનસભામાં મંજૂરી મેળવવાની માંગ કરીને એક ઠરાવ રજૂ કરશે. આ સમગ્ર પ્રક્રિયા ધીમી ગતિએ આગળ વધી રહી છે. તેલંગાણાની રચનાને લઈને આંધ્રના ઘણા ભાગોમાં વ્યાપક દેખાવો અને હિંસા થઈ ચૂકી છે. ૨૦૦૦માં ઉત્તરાખંડ, છતીસગઢ અને ઝારખંડની રચના વેળા કોઈ હોબાળો થયો ન હતો પરંતુ તેલંગાણાને લઈને ભારે હોબાળો થયો છે. વર્ષના અંત સુધી નિર્ણય થાય તેવી વકી છે.

## રાત્રે પેટ્રોલપંપ બંધ રાખવા કોઈ પણ નિર્ણય કરાયો નથી : મોઈલી

નવી દિલ્હી,તા. ૨

રાત્રે પેટ્રોલપંપ બંધ રાખવાની દરખાસ્ત મોડી રાત્રે આવ્યા બાદ ભારે હોબાળો મચી ગયો હતો. આ હોબાળો થયા બાદ આજે પેટ્રોલિયમપ્રધાન વીરપ્પા મોઈલીએ કહ્યુ હતુ કે સરકારે રાત્રે પેટ્રોલપંપ બંધ રાખવાનો કોઈ પણ નિર્ણય કર્યો નથી. આ પ્રકારની દરખાસ્ત ચોક્કસપણે આવી હતી પરંતુ આવો કોઈ નિર્ણય કરવામાં આવ્યો નથી. પેટ્રોલ અને ડિઝલના તથા અન્ય પેટ્રોલિયમ પેદાશોના ઉપયોગ પર બ્રેક મૂકવાના હેતુસર રાત્રે પેટ્રોલપંપ બંધ રાખવાની દરખાસ્ત ચાલી રહી હતી પરંતુ આ દરખાસ્ત આવ્યા બાદથી હોબાળો શરૂ થતા આજે સવારે વીરપ્પા મોઈલીને ખુલાસો કરવાની ફરજ પડી હતી. મોઈલીએ કહ્યુ હતુ કે રાત્રે પેટ્રોલપંપ બંધ



રાખવાનો કોઈ નિર્ણય કરાયો નથી. તેમણે પત્રકારો સાથેની વાતચીતમાં દલીલ કરી હતી કે આ અમારી દરખાસ્ત ન હતી. આ દરખાસ્ત સામાન્ય લોકો તરફથી આવી હતી. તેમણે ઉમેર્યુ હતુ કે દિવસમાં કોઈ પણ સમયે પેટ્રોલપંપને બંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો નથી. તેમના મંત્રાલય દ્વારા ફ્યુઅલ ડિમાન્ડના ત્રણ ટકા સુધી કાપ મૂકવા ૧૬મી સપ્ટેમ્બરથી વ્યાપક ઈંધણ બચાવ ઝુંબેશ હાથ ધરવાની યોજના તૈયાર કરી લીધી છે. વિદેશી હુંડિયામણ બિલના ૧૬૦૦૦ કરોડ રૂપિયા અથવા તો ૨.૫ અબજ ડોલર બચાવી લેવાની રણનીતિ ઘડી કાઢવામાં આવી છે જેના ભાગરૂપે પેટ્રોલિયમ પેદાશોના યોગ્ય ઉપયોગ અને તેના બગાડ પર બ્રેક મૂકવાની હિલચાલ હાથ ધરાઈ છે. મોઈલીએ કહ્યુ હતુકે અમે ફ્યુઅલના જતનના વિચાર પર વ્યસ્ત થયેલા છીએ. પરંતુ પેટ્રોલપંપને બંધ રાખવાની કોઈ હિલચાલ કરાઈ નથી. મોઈલીએ કહ્યુ હતુ કે ૧૬મી સપ્ટેમ્બરે ઝુંબેશ હાથ ધરતા પહેલા ફ્યુઅલ બચાવો સાથે સંબંધિત કેટલીક દરખાસ્ત સરકાર સમક્ષ આવી છે જે તેમના મંત્રાલય દ્વારા વિચારણા હેઠળ છે.તેમણે સાફ શબ્દોમાં કહ્યુ હતુકે રાત્રે પેટ્રોલપંપને બંધ રાખવાનો કોઈ નિર્ણય કરાયો નથી. આ પ્રકારના અહેવાલ બિલકુલ પાયા વગરના છે.

## ડોલરની સામે રૂપિયો ૩૦ પૈસા ઘટી ૬૬ની સપાટીએ

મુંબઈ,તા. ૨

ડોલર સામે રૂપિયો આજે ૩૦ પૈસાના ઘટાડા સાથે બંધ રહ્યો હતો. ડોલર સામે રૂપિયો ઘટાડા સાથે બંધ રહેતા ફરી એકવાર ચિંતાનું મોજુ ફરી વળ્યુ છે. અમેરિકી ચલણ ડોલર મજબુત બનવા માટે કેટલાક કારણ રહ્યા હતા કારણ કે આયાતકારો તરફથી ફરી એકવાર ડોલરની માંગ તીવ્ર બની હતી. ફોરેક્સ ડિલરોનું કહેવું છે કે રૂપિયામાં ઘટાડો થવા માટે અન્ય કેટલાક કારણો પણ જવાબદાર દેખાઈ રહ્યા છે. ઈન્ટરબેંક ફોરેન એક્સચેન્જ માર્કેટમાં રૂપિયો ડોલર સામે ૬૬.૧૫ની નીચી સપાટીએ ખુલ્યો હતો. અગાઉ રૂપિયો ૬૫.૭૦ની સપાટીએ બંધ રહ્યો હતો. એક વખતે રૂપિયો ૬૫.૬૮ સુધી પહોંચ્યો હતો. ત્યારબાદ ફરી એકવાર રૂપિયો નકારાત્મક ઝોનમાં જતો રહ્યો હતો. કારોબારના અંતે રૂપિયો ૩૦ પૈસા ઘટીને ૬૬ની સપાટીએ બંધ રહ્યો હતો. અગાઉના બે કારોબારી સેશન્સમાં રૂપિયામાં ૩૧૦ પૈસા અથવા તો ૪.૫૧ ટકાનો સુધાર થયો હતો. આજે શેર બજારમાં રૂપિયામાં ઘટાડાની કોઈ અસર જોવા મળી ન હતી અને શેરબજારમાં તેજી રહી હતી.

સેન્સેક્સ સતત ચોથા સેશન્સમાં તેજી સાથે બંધ રહ્યો હતો.ગયા શુક્રવારે વિદેશી સંસ્થાકીય મૂડીરોકાણકારોએ ૭૮.૮૫ કરોડ રૂપિયાના શેર પાછા ખેંચી લીધા હતા. સ્ટોક એક્સચેન્જ પાસે ઉપલબ્ધ આંકડામાં આ મુજબની વાત કરવામાં આવી છે. અમેરિકી ડૉલર સામે રૂપિયામાં આજે સવારે ફરી એકવાર ઘટાડો થયો હતો. કારોબારની શરૂઆત થવાની સાથે જ રૂપિયો ડૉલર સામે ૨૬ પૈસા ઘટીને ૬૫.૯૬ની નીચી સપાટીએ પહોંચી ગયો હતો. ઈન્ટર બેંક ફોરેન એક્સચેન્જ માર્કેટમાં રૂપિયાને લઈને અફડાતફડી રહી હતી. દેશમાં એપ્રિલ-જૂનમાં ત્રિમાસિક ગાળામાં આર્થિક વિકાસમાં મંદી આવી છે. આયાતકારો તરફથી ડૉલરની માંગ એકાએક વધી ગઈ છે. કારોબારના અંતે પણ તેમાં ઘટાડો રહ્યો હતો.

## યુએસ ઓપનમાં લી નાની જેનકોવિક પર સરળ જીત

ન્યૂયોર્ક,તા. ૨

ન્યૂયોર્કમાં રમાઈ રહેલી વર્ષની અંતિમ ગ્રાન્ડસ્લેમ યુએસ ઓપન ટેનિસ ચેમ્પિયનશીપમાં ચીનની સ્ટાર ખેલાડી લી ના ક્વાર્ટર ફાઈનલમાં પહોંચી ગઈ છે. લી નાએ ભૂતપૂર્વ નંબરવન ખેલાડી જેલેના જેનકોવિક પર સીધા સેટોમાં જીત મેળવીને ક્વાર્ટર ફાઈનલમાં કૂચ કરી હતી. લી નાના ન્યૂયોર્કમાં સર્વશ્રેષ્ઠ પરિણામ તરીકે આને જોવામાં આવે છે. ૨૦૧૧માં ફ્રેન્ચ ઓપન જીતી ચુકેલી અને પાંચમી ક્રમાંકિત લી નાએ માત્ર ૫૭ મિનિટમાં સરબિયન ખેલાડી અને હાલ રેકિંગમાં નવમાં ક્રમે રહેલી જેનકોવિક પર ૬-૩, ૬-૦થી જીત મેળવી હતી. હવે લી ના



રશિયન ખેલાડી માકારોવા સામે રમશે. બીજી બાજુ અન્ય સ્ટાર ખેલાડીઓ પણ પોત પોતાની મેચ જીતીને આગેકૂચ કરી ગયા છે. પ્રથમ ક્રમાંકિત નોવાક જોકોવિક, એન્ડી મરે, બર્ડીક ચોથા રાઉન્ડમાં આગેકૂચ કરી ગયા છે. જ્યારે મહિલાઓના વર્ગમાં સેરેના વિલિયમ્સે પણ આગેકૂચ જારી રાખી છે. પ્રથમ ક્રમાંકિત ખેલાડી જોકોવિકે ત્રીજા રાઉન્ડમાં પોર્ટુગલના સોસા ઉપર ૬-૦, ૬-૨, ૬-૨થી જીત મેળવી હતી. આ મેચમાં ૨૬ વર્ષિય સર્બ ખેલાડીએ ૩૪ વિનર ફટકાર્યા હતા. નવ મિનિટમાં જ આ મેચ જોકોવિકે જીતી લીધી હતી. વર્ષ ૨૦૧૧માં ન્યૂયોર્કમાં યુએસ ઓપન ચેમ્પિયન બની ચુકેલા જોકોવિક ગયા વર્ષે ફાઈનલમાં પાંચ સેટોમાં બ્રિટનના એન્ડી મરે સામે હારી ગયો હતો. ઓસ્ટ્રેલિયન ઓપન ચેમ્પિયન જોકોવિકે આ મેચમાં માત્ર બે સર્વિસ બ્રેકનો સામનો કર્યો હતો.

## દાઉદને પણ ટૂંક સમયમાં સકંજામાં લઈ જ લેવાશે

લખનૌ,તા. ૨

કેન્દ્રીય ગૃહ રાજ્ય પ્રધાન આરપીએન સિંહે દાવો કર્યો છે કે ઈન્ટરપોલની મદદથી ટૂંક સમયમાં જ અંડરવર્લ્ડ ડૉન દાઉદ ઈબ્રાહીમ પણ ભારતીય સુરક્ષા સંસ્થાઓના સંકંજામાં આવી જશે. તેમને દાવો કર્યો છે કે દાઉદને પણ ભારત લાવવામાં સફળતા મળશે. તેમને એમ પણ કહ્યું હતું કે કેન્દ્રીય ગૃહપ્રધાન સુશીલકુમાર શિંદે ઈન્ટરપોલ કોન્ફરન્સમાં ગયા હતા જ્યાં દાઉદને લઈને વાતચીત થઈ હતી. પત્રકારો સાથેની વાતચીતમાં તેમને કહ્યું હતું કે અનેક મોટા આતંકવાદીઓને પકડી પાડવામાં સંસ્થાઓને સફળતા મળી છે. ટૂંકમાં વધુ કેટલાક આતંકવાદીઓને પકડી પાડવામાં આવશે.

## ચેન્નઈ એક્સપ્રેસે ૨૨૨ કરોડની કમાણી કરી છે

નવી દિલ્હી,તા. ૨

શાહરુખખાન અને દીપિકા અભિનિત ચેન્નઈ એક્સપ્રેસ બોક્સ ઓફિસ પર નવા રેકોર્ડ સર્જી રહી છે. ચેન્નઈ એક્સપ્રેસે હજુ સુધીમાં ૨૨૨ કરોડની કમાણી કરી લીધી છે અને ઓલ ટાઈમ બ્લોક બ્લસ્ટર ફિલ્મ બની ગઈ છે.



સલમાન ખાનના એક થા ટાઈગર અને આમિરખાનની થ્રી ઈડિયટ્સ ફિલ્મના રેકોર્ડને તોડી દીધા બાદ ઓલ ટાઈમ સૌથી જંગી કમાણી કરનાર ફિલ્મ બની રહી છે. આ ફિલ્મે ચોથા સપ્તાહમાં ૩.૮૪ કરોડ રૂપિયાની કમાણી કરી છે. રોહિત શેટ્ટી દ્વારા નિર્દેશિત આ ફિલ્મનું સંગીત તમામ લોકોને પસંદ પડી રહ્યુ છે. ખૂબ ઓછા બજેટ સાથે તૈયાર કરવામાં આવેલી આ ફિલ્મની સફળતાથી બોલિવુડમાં અન્ય નિર્માતા નિર્દોશકો પણ આશ્ચર્યચકિત થઈ ગયા છે. ઓલટાઈમ સૌથી જંગી કમાણી કરનાર ફિલ્મમાં થ્રી ઈડિયટ્સ આગળ હતી હવે ચેન્નઈ એક્સપ્રેસ તેનાથી પણ આગળ નીકળી ગઈ છે. શાહરુખ ખાનને હાલમાં મોટી સફળતા મળી ન હતી પરંતુ ચેન્નઈ એક્સપ્રેસ સાથએ તે ફરી એકવાર જોરદાર રીતે ચર્ચામાં આવી ગયો છે.

## હવાઈદળમાં ૭૦ ટનનું સી-૧૭ વિમાન સામેલ થયુ

નવી દિલ્હી,તા. ૨

કટોકટીની સ્થિતિમાં યુદ્ધ મેદાન પર અતિ ઝડપથી મોટી સંખ્યામાં સૈનિકો અને ટેન્કોને ખસેડવાની ભારતીય હવાઈદળની ક્ષમતામાં આજે અનેકગણો વધારો થયો હતો કારણ કે સંરક્ષણ પ્રધાન એકે એન્ટોનીએ તેના સૌથી મોટા ૭૦ ટનના સી - ૧૭ હેવી લિફ્ટ ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટને સેનામાં સામેલ કરવાની વિધિ પૂરી કરી હતી. હિન્ડોન એરબેજ ખાતે સેવામાં આ વિમાન સામેલ કરવામાં આવ્યુ હતુ. બોઈંગ -સી-૧૭ ગ્લોબ માસ્ટર-૩ પરિવહન વિમાન માટેનો ઓર્ડર ભારતીય હવાઈદળ દ્વારા આપવામાં આવ્યો હતો. ભારતીય હવાઈદળ માટે આ ખૂબજ ઐતિહાસિક સિદ્ધિ છે. પરંપરાગત અને બિન પરંપરાગત ઓપરેશનમાં આ વિમાન ખૂબ જ ઉપયોગી સાબિત થશે. સી-૧૭ ગ્લોબ માસ્ટર-૩ વિમાન અમેરિકા પાસેથી એક સમજૂતિ હેઠળ મેળવવામાં આવ્યુ છે. આ સમજૂતિ ૨૦૦૦૦ કરોડની આસપાસની હોવાનું જાણવા મળ્યુ છે. વિમાનમાં ઘણી વિશેષતાઓ રહેલી છે. આ પ્રસંગે વાત કરતા ભારતીય



હવીદળના વડા એનએકે બ્રાઉને કહ્યુ હતુ કે આ વિમાન ઉત્તર-પૂર્વિય રાજ્યોમાં અતિ આધુનિક લેન્ડીંગ ગ્રાઉન્ડથી ઓપરેટ થશે સાથે સાથે ઉત્તરમાં ઉંચાણવાળા બેઝ તથા અંદામન અને નિકોબાર દ્વિપમાં પણ ઓપરેટ થશે. સી - ૧૭ વિમાનની વિશેષતા અંગે વાત કરતા અધિકારીએ કહ્યુ છે કે આ વિમાન ૭૦ ટનલોડની સાથે સાથે આશરે ૧૫૦ સૈનિકોને લઈ જવામાં સક્ષમ છે. આ વિમાન રશિયન આઈએલ-૭૬ની જગ્યા લેશે. હજુ સુધી આઈએએફ શસ્ત્રાગારમાં સૌથી મોટા વિમાન તરીકે આની ગણતરી કરવામાં આવી રહી હતી. આઈએલ-૭૬ વિમાન ૪૦ ટન લોડ લઈ જવામાં સક્ષમ હતુ. આઈએએફ દ્વારા ૧૦ સી-૧૭ વિમાનો માટે અમેરિકાને ઓર્ડર આપ્યો હતો. ૨૦૧૧માં સમજૂતિ થઈ હતી. ૧૦ વિમાનો પૈકી ત્રણ આપવામાં આવ્યા છે. યુએસ એરફોર્સ આગામી વર્ષના અંત સુધી તમામ ૧૦ વિમાનોની ડિલિવરી આપી દેશે. આ ૧૦ વિમાનો મેળવી લીધા બાદ પણ આઈએએફ વધુ છ વિમાનો મેળવવાના વિકલ્પ પર વિચારણા કરશે. આઈએએફે તાજેતરમાં જ રશિયન મૂળના વિમાનો પર ધ્યાન કેન્દ્રિત કરવાના બદલે અમેરિકન વિમાનો પર ધ્યાન કેન્દ્રિત કર્યુ છે. સી-૧૭ અને સી-૧૩૦ જે સુપર હરક્યુલસ વિમાનોના સમાવેશની પ્રક્રિયા પૂરી થઈ ચુકી છે. આઈએએફ છ સી -૧૩૦ વિમાનો ઓપરેટ કરે છે.

## કોંગ્રેસના પ્રમુખ સોનિયા ગાંધી ચેકઅપ માટે અમેરિકા રવાના

નવી દિલ્હી, તા.૦૨

કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી મેડિકલ ચેકઅપના હેતુસર આજે અમેરિકા જવા રવાના થયા હતા. તેમની સાથે તેમની પુત્રી પ્રિયંકા પણ રવાના થઈ છે. આજે બપોરના ગાળામાં સોનિયા ગાંધી અમેરિકા માટે રવાના થયા હતા. પાંચમી ઓગસ્ટ ૨૦૧૧ના દિવસે અમેરિકામાં સર્જરી કરાવી ચુકેલા ૬૬ વર્ષિય સોનિયા ગાંધી ફેબ્રુઆરીમાં ચેકઅપ માટે અમેરિકા ગયા હતા. ગયા વર્ષે બીજી સપ્ટેમ્બરે પણ અમેરિકા ગયા હતા. કોંગ્રેસ પ્રમુખને ગયા સોમવારે એમ્સમાં દાખલ કરવામાં આવ્યા હતા. છાતીમાં દુખાવાની ફરિયાદ કર્યા બાદ સોનિયા ગાંધીને એમ્સમાં લઈ જવામાં આવ્યા હતા. ફુડ સિક્યુરિટી બિલ ઉપર ચર્ચા દરમિયાન લોકસભામાં તેઓ એકાએક અસ્વસ્થ થઈ ગયા હતા. ફુડ સિક્યુરિટી બિલ ઉપર ચર્ચા ચાલી રહી હતી ત્યારે તેમને એકાએક બહાર લઈ જવામાં આવ્યા હતા. સોનિયા ગાંધીને હોસ્પિટલમાંથી જુદાજુદા ટેસ્ટ કરવામાં આવ્યા બાદ રજા આપી દેવામાં આવી હતી. સોનિયા ગાંધી પાંચ કલાક સુધી જુદા જુદા ટેસ્ટમાંથી પસાર થયા હતા. સંસદની કામગીરી ચાલી રહી હતી ત્યારે સોનિયા ગાંધી પહેલાથી જ અસ્વસ્થ હતા. તેમને તાવની અને શરદીની અસર ચાલી રહી હતી. દવા લઈને તેઓ સંસદની કામગીરીમાં હાજરી આપવા માટે પહોંચ્યા હતા. સોનિયા ગાંધી પરત ક્યારે ફરશે તેને લઈને હજુ સુધી કોઈ વાત કરવામાં આવી નથી.

## દેશમાં વાર્ષિક ૨ લાખ કરોડના ફળ અને શાકભાજીને નુકસાન

નવી દિલ્હી,તા. ૨

દેશમાં દર વર્ષે આશરે બે લાખ કરોડ રૂપિયાના ફળફળાદી અને શાકભાજીનું નુકસાન થાય છે. વાર્ષિક ૨૦૦૦ અબજના અથવા તો બે લાખ કરોડ રૂપિયાના શાકભાજી અને ફળફળાદીને નુકસાન થાય છે તે અંગેના અહેવાલથી માત્ર સરકાર જ ચિંતાજનક સ્થિતિમાં મૂકાઈ નથી બલ્કે પૂરતી સુવિધા નહીં હોવાની બાબત પણ સપાટી ઉપર આવી ગઈ છે. એક અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે સ્ટોરેજ અને અન્ય માળખાકીય સુવિધાઓના અભાવના લીધે દેશમાં અબજો રૂપિયાની ફળફળાદી અને શાકભાજીને દર વર્ષે નુકસાન થાય છે. ઉદ્યોગ સંગઠન એસોચેમના એક અભ્યાસમાં આ મુજબનો દાવો કરવામાં આવ્યો છે કે દેશમાં વાર્ષિક બે લાખ કરોડ રૂપિયાની ફળફળાદી અને શાકભાજીને નુકસાન થાય છે. આનું મુખ્ય કારણ ખાદ્ય ચીજવસ્તુઓની જાળવણી માટે યોગ્ય સુવિધાના અભાવને ગણવામાં આવે છે. અતિ આધુનિક સુવિધા નહીં હોવાના લીધે આ જટિલ સ્થિતિ સર્જાય છે. ભારતમાં જુદા જુદા રાજ્યોના સ્તર ઉપર કામ કરનાર સંસ્થાઓના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે દેશમાં પેદા થતી ૨૨ ટકા ફળફળાદી અને શાકભાજી હોલસેલ બજારમાં પહોંચી શકે છે. રાજ્યોની વાત કરવામાં આવે તો કાપણી કરવામાં આવ્યા બાદ સૌથી વધારે નુકસાન પશ્ચિમ બંગાળમાં થાય છે.

જુદા જુદા રાજ્યોમાં ફળ અને શાકભાજીના નુકસાનનો આંકડો ખૂબ મોટો છે. અભ્યાસમાં એમ પણ જણાવવામાં આવ્યું છે કે આ પ્રકારની બરબાદીને રોકવા માટે હોલસેલ બજારોની સાથે સ્થાનિક અને ક્ષેત્રિય બજારોમાં કોલ્ડસ્ટોરેજની સુવિધા વિકસિત કરવામાં આવે તે જરૂરી છે. અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે વર્ષ ૨૦૨૧ સુધી દેશમાં ફળફળાદી અને શાકભાજીનું ઉત્પાદન વધીને ૩૭.૭ કરોડ ટન સુધી પહોંચી જશે જે હાલમાં ૨૨.૩ કરોડ ટનની આસપાસ છે. જો કોલ્ડસ્ટોરેજ અને અન્ય સામાન્ય સુવિધા ઉભી કરવામાં નહીં આવે તો નુકસાનનો આંકડો વધતો રહેશે. નુકસાન વધવાથી ફળફળાદી અને શાકભાજીની કિંમતમાં તીવ્ર વધારો થવાના પણ સંકેત દેખાઈ રહ્યા છે.

## સમાચાર ઝલક

- રાત્રે પેટ્રોલપંપ બંધની દરખાસ્ત વડાપ્રધાન મનમોહનસિંહે ઠુકરાવી.
- થરાદ પાસે દારૂ ભરેલી ટ્રક સાથે રાજસ્થાનનો ફરાર કેદી ઝડપાયો.
- અમેરિકન પ્રમુખ ઓબામાએ સિરીયા પર હુમલો કરવાની કરેલી જાહેરાત, એકાદ બે દિવસમાં હુમલાની શક્યતા.
- ભુજની કોર્ટમાં વૃદ્ધો આપઘાતનો પ્રયાસ કર્યો.
- દિલ્હી તથા દેશના કેટલાક ભાગોમાં આશારામ બાપુના સમર્થકોનું પ્રદર્શન.
- તેલંગાનાના મુદ્દે કોંગ્રેસના સાંસદો લોકસભામાંથી સસ્પેન્ડ.
- સરકાર સરકારી ખર્ચા ઓછા કરે : વિરોધ પક્ષો.
- મુંબઇમાં સાર્વજનિક ગણોશોત્સવ પર આતંકી હુમલાની આશંકા.
- ગઢચિરોલીમાં ૧૧ વ્યક્તિઓનાં ડેન્ગ્યુથી મોત. રોગચાળો ફાટી નીકળ્યાની શંકા.
- ૩૦ સપ્ટેમ્બરથી કેદારનાથમાં દર્શન થઇ શકશે.
- દક્ષિણ આફ્રિકાના નેતા નેલ્સન મંડેલાની નાજુક તબિયત, ઘરે આરામ કરવાની સલાહ.
- દિવાળી સુધી સોનામાં ભાવ વધશે.
- શ્રાવણ માસના અંતિમ સોમવારે ભોળાનાથના ભક્તોની શિવાલયોમાં ભીડ.
- અમદાવાદમાં ૪ લાખની બનાવટી નોટો પકડાઇ.
- વાર્ષિક ૬ લાખની આવક ધરાવનારને સ્ટેટ બેંક લોન મંજુર નહિ કરે.
- રૂપિયા ઘટવાથી દૂધના પાવડરની નિકાસ વધી, ડેરીની આવક વધી.
- પરિણામે દૂધનો ભાવ વધે તેવી શક્યતા.
- દિલ્હીમાં વી.આઇ.પી. મકાનો પણ ભયજનક, હોવાનો હેવાલ.
- પાકિસ્તાન ભૂતપૂર્વ પ્રમુખ મુશરર્ફ સામે સુપ્રીમે વધુ ગુનો દાખલ કર્યો.
- દિલ્હીનો સંવેદનશીલ વિસ્તાર વિજય ચોકમાં કાર ભડભડ સળગી ઉઠી.
- અંબાજીમાં ભાદરવી પુનમે ૧૨૦૦ એસ.ટી.ની સેવાઓ ઉપલબ્ધ થશે.